જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૮/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૮૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૪૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૧૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૧૩/૨૦૨૬**

ગોમતીપુરઃ અમિત રમેશભાઈ પરમાર (રહે, ઓમ રેસીડન્સી, સત્યમ ફ્લેટ પાછળ સરસપુર, રખીયાલ) એ તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૬ થી તા.૧૦/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૨૭,૬૪૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.મહીડા ચલાવે છે.

સરખેજઃ મોહમદ દાનીશ સ/ઓ મકબુલહુસૈન બારેજીયા (રહે, શેરબા રેસીડન્સી, આવકાર શીરડી રસ ડેપોની બાજુમાં, સરખેજ ઢાળ, સરખેજ) એ તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૬ બપોરના ૧/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.ચૌધરી ચલાવે છે.

ત્યજી દિધેલ મૃત ભ્રુણ મળી આવ્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૧૪/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ તા.૧૦/૦૮/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રન્ટના પુર્વ તરફના ભાગે સરદારબ્રીજ નીચે વોક–વે નજીક નદીના વહેતા પ્રવાહમાં એક ત્યજી દિધેલ ભૃણ (આશરે બે થી ચાર માસ) બીનવારસી મૃત હાલતમાં રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસને મળી આવતા, રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એચ.ગામેતી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૧૫/૨૦૨૬**

સેટેલાઇટઃ મહેન્દ્ર ઉર્ફે મયુર મોહનભાઈ સોલંકી (ઉ.વ.૩૪)(રહે.પબ્લિક રાજીવનગર વિભાગ–૦૨, પાટા વાળા હનુમાન મંદિરની ગલીમાં, સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૮/૨૦૨૬ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીર ઉપર કેરોસીન છાંટી આગ લગાડી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાન્તીભાઇ પ્રેમાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી